# News Coverage of Cadaver Organ Donation From Surat through Donate Life



## Cadaver Organ Donor

## Lt. Bipinbhai Keshvjibhai Vagadiya

**Donated His: Heart & Kidney**

**Date:- 19/09/2023**

" जीते जी रक्तदान, ब्रेनडेड के बाद किडनी, लिवर, हृदयदान..."

# ब्रेन डेड युवक के अंगदान से 3 लोगों को नई जिंदगी मिली

## अंगदान के जरिए 42 साल के बिपिनभाई वागड़िया का दिल सूरत की एक महिला में धड़केगा



**सूरत।** डोनेट लाइफ की ओर से आज सूरत में 49वां हृदय दान किया गया। लेउवा पटेल समाज के ब्रेन डेड बिपिनभाई केशवजीभाई वागड़िया के परिवार ने हृदय और किडनी दान कर तीन लोगों को नया जीवन देकर मानवता का चमत्कार किया। यह हृदय प्रत्यारोपण (हार्ट ट्रांसप्लांट) सूरत की रहने वाली एक महिला में किया गया।

निजी अस्पताल में दोनों किडनी का ट्रांसप्लांट किया गया। हृदय को समय पर पहुंचाने के लिए सूरत सिटी पुलिस द्वारा निजी अस्पताल से दूसरे निजी अस्पताल तक मार्ग का एक ग्रीन कॉरिडोर बनाया गया था। डोनेट लाइफ संस्था अब तक देश-विदेश के 1070 से अधिक लोगों को अलग-अलग अंग दान कर नई जिंदगी देने में सफल रही है।

डोनेट लाईफ के संस्थापक नीलेशभाई मांडलेवाला ने बताया कि 42 वर्षीय बिपिनभाई (पैतृक गांव धूडसिया, जिला जामनगर) और वर्तमान में 14 भक्तिनंदन सोसायटी मोटा वराछा सूरत में रहते थे और श्री श्री डायमंड प्लानिंग नामक कंपनी के साथ हीरे का कारोबार करते थे। 15 सितंबर की शाम हाई ब्लड प्रेशर के कारण बेहोश होने के बाद परिजनों ने उन्हें तुरंत पीपी सवाणी हार्ट इंस्टीट्यूट में भर्ती कराया।

सीटी स्कैन से पता चला कि उन्हें ब्रेन हैमरेज हुआ है। उन्हें आगे के इलाज के लिए 16 तारीख को मुंबई के हिंदुजा अस्पताल में भर्ती कराया गया था। 17 तारीख को उन्हें आगे के इलाज के लिए न्यूरोफिजिशियन के इलाज के तहत हिंदुजा अस्पताल से सूरत के किरण अस्पताल में भर्ती कराया गया था।

उन्होंने आगे कहा कि, 18 तारीख को डॉक्टरों ने बिपिनभाई को ब्रेन डेड घोषित कर दिया। बिपिनभाई के भाई विपुलभाई के दोस्त पिंटूभाई देवानी ने डोनेट लाइफ के संस्थापक नीलेश मांडलेवाला से टेलीफोन पर संपर्क किया और बिपिनभाई के ब्रेन डेड होने की जानकारी दी। जहां परिवार के अन्य सदस्यों को अंगदान का महत्व और इसकी पूरी प्रक्रिया समझाई गई।

बिपिनभाई का बेटा राज, जो भावनगर के सरकारी मेडिकल कॉलेज में एमबीबीएस के अंतिम वर्ष में है। मैंने उनसे कहा कि एक मेडिकल छात्र होने के नाते मैं अंगदान के महत्व को अच्छी तरह समझता हूं। मेरे पिता ब्रेन डेड हो गए हैं, उनका शरीर राख होने वाला है, हम यथासंभव उनके अंगों को दान करके अंग विफलता के रोगियों को नया जीवन देने के लिए आगे बढ़ रहे हैं।

उन्होंने आगे कहा कि एसओटीटीओ के माध्यम से हृदय सूरत के महावीर अस्पताल और दोनों किडनी सूरत के किरण अस्पताल को आवंटित की गई। हृदय दान को सूरत के महावीर अस्पताल के डॉक्टरों ने स्वीकारा और उनकी टीम ने सूरत की ही 46 वर्षीय महिला में हृदय प्रत्यारोपण किया। दान की गई दो किडनी में से एक किडनी सूरत निवासी 17 वर्षीय युवक में और दूसरी किडनी सेलवास निवासी 27 वर्षीय लड़की में ट्रांसप्लांट की गई है।

सूरत और दक्षिण गुजरात से डोनेट लाइफ द्वारा कुल 1173 अंग और ऊतक दान किए गए हैं। जिसमें 484 गुर्दे, 208 यकृत, 49 हृदय, 40 फेफड़े, 8 अग्न्याशय, 4 हाथ, 1 छोटी आंत और 379 आंखें दान की गई हैं, देश और विदेश के कुल 1077 व्यक्तियों को सफलतापूर्वक नया जीवन दिया गया है।



**ગણેશ ચતુર્થીનાં દિવસે સુરતથી વધુ એક અંગદાન ડોનેટ લાઈફ દ્વારા કરાવવામાં આવ્યું**

## લેઉવા પટેલ સમાજનાં બિપીન વાગડીયાનાં હૃદય અને કિડનીથી ત્રણ વ્યક્તિઓને નવજીવન

સુરત, તા.૧૯

મૂળ જામનગરનાં ધુડસિયા ગામનાં રહેવાસી અને સુરતમાં મોટા વરાછાની ભક્તિનંદન સોસાયટી ખાતે રહેતાં અને શ્રી ડાયમંડ પ્લાનિંગ નામની કંપનીથી હીરાનો વ્યવસાય કરતા બિપીન વાગડિયા બ્લડપ્રેશર વધી જવાને કારણે બેહોશ થઈ જતા પરિવારજનોએ તેમને તાત્કાલિક પી.પી. સવાણી હાર્ટ ઈન્સ્ટિટ્યુટમાં દાખલ કર્યા. નિદાન માટે સીટી સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. વધુ સારવાર માટે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કર્યા. તા. ૧૭ સપ્ટેમ્બરનાં રોજ હિન્દુજા હોસ્પિટલથી સુરતની કિરણ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ન્યુરોફીઝીશ્યન ડૉ. હીના ફળદુની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. તા. ૧૮ સપ્ટેમ્બરે તબીબોએ બિપીનભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા.

ડોનેટ લાઈફનાં સંસ્થાપક નિલેશ માંડલેવાલા અને તેમની ટીમે સમજાવતા બિપીન વાગડિયાનાં પરિવારજનોએ અંગદાનની મંજૂરી આપી હતી. બિપીન વાગડિયાનું હૃદય સુરતની મહાવીર હોસ્પિટલને, બંને કિડની સુરતની કિરણ હોસ્પિટલને ફાળવવામાં આવી હતી. સુરત શહેર પોલીસનાં સહયોગથી હૃદયને ગ્રીન કોરીડોર દ્વારા કિરણ હોસ્પિટલથી મહાવીર હોસ્પિટલ

**હૃદય સમયસર પહોંચાડવા કિરણ હોસ્પિટલથી મહાવીર હોસ્પિટલ સુધીનો માર્ગ ગ્રીન કોરીડોર બનાવાયો**

પહોંચાડવામાં આવ્યું અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સુરતની રહેવાસી ૪૬ વર્ષીય મહિલામાં ડૉ. અન્વય મુલે, ડૉ. જગદીશ માંગે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે. દાનમાં મેળવવામાં આવેલી બે કિડનીમાંથી એક કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી ૧૭ વર્ષીય યુવકમાં અને બીજી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ સેલવાસની રહેવાસી ૨૭ વર્ષીય યુવતીમાં ડૉ. પ્રમોદ પટેલ, ડૉ. મુકેશ આહીર અને તેમની ટીમ દ્વારા કિરણ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું.

સુરતથી ડોનેટ લાઈફ દ્વારા હૃદય દાન કરાવવાની આ ૪૯મી ઘટના છે.

સુરતથી દાનમાં મેળવવામાં આવેલા હૃદય, ફેફસા અને નાના આંતરડાનું ટ્રાન્સપ્લાન્ટ યુક્રેન, યુએઈ, રશિયા, બાંગ્લાદેશ અને સુદાન દેશના નાગરિકોમાં મુંબઈ અને ચેન્નઈની હોસ્પિટલમાં કરવામાં આવ્યા છે. ટેક્ષટાઈલ અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતું સુરત શહેર હવે દેશમાં ઓર્ગન ડોનર શહેર તરીકે ખ્યાતિ પામી રહ્યું છે.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી ડોનેટ લાઈફ દ્વારા કુલ ૧૧૦૩ અંગો અને ટીસ્યુઓનું દાન કરાવવામાં આવ્યું છે જેમાં ૪૮૪ કિડની, ૨૦૮ લિવર, ૪૯ હૃદય, ૪૦ ફેફસાં, ૮ પેંક્રિયાસ, ૪ હાથ, ૧ નાનું આંતરડું અને ૩૦૯ ચક્ષુઓના દાનથી દેશ અને વિદેશના કુલ ૧૦૩૩ વ્યક્તિઓને નવુંજીવન અને નવી દ્રષ્ટી બક્ષવામાં સફળતા મળી છે.

## किरण से महावीर अस्पताल के बीच बनाया ग्रीन कॉरिडोर



बिपिन वागडिया

**परिजनों** से सहमति मिलने पर स्टेट ऑर्गन टिश्यू ट्रांसप्लांट ऑर्गेनाइजेशन (एसओटीटीओ) को जानकारी दी गई। एसओटीटीओ ने हृदय सूरत के महावीर अस्पताल, दोनों किडनी किरण अस्पताल को दान की। हृदय किरण से महावीर अस्पताल तक पहुंचाने के लिए शहर पुलिस ने ग्रीन कॉरिडोर की व्यवस्था की। हृदय ट्रांसप्लांट सूरत निवासी 46 वर्षीय महिला में किया गया। किरण अस्पताल में दान में मिली किडनी में से एक किडनी सूरत निवासी 17 वर्षीय किशोर और दूसरी सिलवासा निवासी 27 वर्षीय युवती में ट्रांसप्लांट की गई।

# મોટાવરાછાના લેઉવા પટેલ સમાજના યુવાનનું હૃદય સુરતની જ મહિલામાં ધબકતું કરાયું

(પ્રતિનિધિ દ્વારા) સુરત મંગળવાર

મોટા વરાછા ખાતે રહેતા લેઉવા પટેલ સમાજના બ્રેઈનડેડ યુવાનનું હૃદય અને કિડનીનું દાન કરી ત્રણ વ્યક્તિઓને નવજીવન બક્ષી માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી છે.

## મુળ જામનગરના વતની અને બ્રેઈનડેડ જાહેર કરાયેલા બિપીનભાઈ વાગડીયાના અંગોનું સુરતમાં જ ટ્રાન્સપ્લાન્ટ કરાયું

મૂળ જામનગરમાં ધુડસીયાગામના વતની અને હાલમાં મોટા વરાછામાં ભક્તિનંદન સોસાયટીમાં રહેતા ૪૨ વર્ષીય બિપીનભાઇ કેશવજીભાઇ વાગડીયા હીરના કામ સાથે સંકળાયેલા હતા. ગત તા. ૧૫મી સાંજે બ્લડપ્રેશર વધી જતા બેભાન થઇ ગયા હતા. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમનું સિટી સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ તેમને વધુ સારવાર માટે ગત તા. ૧૬મીએ મુંબઇની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાથી ગત. ૧૭મીએ ફરી તેમને સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. બાદમાં ગત તા. ૧૮મી ડોકટરોની ટીમે બિપીનભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. જ્યારે આ અંગે જાણ થતા ડોનેટ લાઈફ ટીમે ત્યાં પહોચીને તેમના પરિવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતા સંમતિ આપી હતી. દાનમા મળેલનું હૃદય સુરતમાં રહેતા ૪૬ વર્ષીય મહિલાનું સુરતની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યુ તથા દાનમાં મળેલી બે કિડની પૈકી એક કિડનીનું સુરતમાં રહેતો ૧૭ વર્ષીય તરૂણમાં અને બીજી કિડનીનું સેલવાસમાં રહેતી ૨૭ વર્ષીય યુવતીમાં સુરતની હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે. જ્યારે બિપીનભાઇના પરિવારમાં તેમના પિતા કેશવજીભાઇ ગામમાં ખેતી કરે છે. તેમની માતા હંસાબેન(ઉ. વ. ૬૫), તેમની પત્ની અલ્પાબેન (ઉ. વ. ૪૨), તેમનો પુત્ર રાજ (ઉ.વ ૨૧) ભાવનગરમાં સરકારી મેડીકલ કોલેજમાં એમ.બી.બી. એસમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે.



# બ્રેઈનડેડ વ્યક્તિના અંગદાનથી ૩ને નવજીવન

। સુરત ।

શહેરના મોટા વરાછા વિસ્તારમાં રહેતા સૌરાષ્ટ્રવાસી પરિવારના પુત્રને હાર્ટએટેક આવતા મોત નીપજ્યું હતું. પછી તેના હૃદય અને કિડનીનું દાન કરી અન્ય ત્રણ વ્યક્તિઓને નવજીવન આપીને અન્યો માટે પ્રેરણારૂપ બન્યા છે. મોટા વરાછા વિસ્તારમાં આવેલી ભક્તિનંદન સોસાયટીમાં રહેતા બિપીન કેશુભાઇ વાગડિયા (ઉં.વ. ૪૭) હીરાના ધંધા સાથે સંકળાયેલા હતા. તેમનું ગત તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ એકાએક પ્રેશર વધી જતાં હાર્ટએટેક આવ્યો હતો. જેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ત્યારબાદ તેમણે મુંબઇ અને સુરતની હોસ્પિટલમાં વધુ સારવાર કરાવી હતી. પરંતુ ગઇકાલે તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. જે અંગે ડોનેટ લાઇફ ટીમના નિલેશ માંડલેવાલાને જાણ થતાં વાગડિયા પરિવારને અંગદાન કરવા અંગે સમજાવતા તેઓ અંતે સંમત થયા હતા. વાગડિયા પરિવાર દ્વારા દાનમાં મળેલા હૃદયને સુરતની એક મહિલાને ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. તેમજ બે કિડની પૈકી એક કિશોરને અને બીજી કિડની સેલવાસ રહેતી યુવતીને ખાનગી હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ કરી હતી.

## સુરત અને અમરેલી જિલ્લાના બે બ્રેઈનડેડ વ્યક્તિ અંગદાનથી ચાર લોકોનાં નવજીવનના દાતા બન્યા

**અમદાવાદ, તા.૧૯**

દેવોમાં જેમનું ઉચ્ચ સ્થાન છે તેવા વિઘ્નહર્તા ગણેશજીના વધામણા સમગ્ર દેશમાં ગણેશચતુર્થીએ શરૂ થયા છે. ગુજરાતમાં ગણેશચતુર્થીના પાવન અવસરે અંગદાન ક્ષેત્રે પવિત્ર ઘટના બની છે. ગણેશચતુર્થીના દિવસે સુરત અને અમરેલી જિલ્લામાં એક-એક અંગદાન થયું છે. પ્રથમ વખત અમરેલી જિલ્લામાં અંગદાન થયું છે જેમાં એક લીવરનું દાન મળ્યું છે.





### અમરેલીમાં પ્રથમ વખત ૮૩ વર્ષીય, દમયંતીબેનના અંગોનું દાન કરાયું, સુરતના ૪૩ વર્ષના બિપિન વાગડિયાના હૃદય, કીડનીનું દાન

અમરેલીમાં પ્રથમ વખત થયેલ અંગદાનની વિગતો જોઈએ તો, 83 વર્ષના દમયંતિબેન મહેતાને બ્રેઈનહેમરેજ થતા સ્થાનિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જ્યાં ચાર દિવસની સારવાર બાદ તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાતા પરિવારજનોએ પરોપકારભાવ

• અનુસંધાન પાના પાંચ ઉપર

**સુરત અને અમરેલીના...**

સાથે અંગદાન માટેની ઈચ્છા વ્યક્ત કરી. જેમાં બ્રેઈનડેડ દમયતિબેનના લીવરનું દાન મળ્યું જેને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું.

જ્યારે સુરત જિલ્લામાં થયેલ અંગદાનની વિગતો જોઈએ તો, 43 વર્ષના બિપિનભાઈ વાઘાડિયાને બ્રેઈન હેમરેજ થતા સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. જેઓ બે દિવસની સઘન સારવારના અંતે બ્રેઈનડેડ થતા પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી. અંદાજીત 6 થી 7 કલાકની મહેનતના અંતે બે કિડની અને હૃદયનું દાન મેળવવામાં સફળતા મળી. જે બંને અંગોને સુરતની જ ખાનગી હોસ્પિટલમાં SOTTO માં રજીસ્ટ્રર દર્દીઓના અગ્રતા ક્રમ પ્રમાણે ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.

SOTTO ના કન્વીનર ડૉ. પ્રાંજલ મોદીએ આ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ સંદર્ભે જણાવ્યું હતુ કે,હિન્દુ ધર્મમાં અંગોના પ્રત્યારોપણનું ઉત્તમ ઉદાહરણ શ્રી ગણેશ છે. તેઓ વિઘ્નહર્તા છે.આજે આ પવિત્ર દિવસે રાજ્યમાં બે બ્રેઈનડેડ યુવક અંગદાનથી ચાર જરૂરિયાતમંદોના જીવનના વિઘ્નહર્તા બન્યા છે.આમ આ બંને અંગદાન અને ચાર ટ્રાન્સપ્લાન્ટથી ગણેશ ચતુર્થીની ઉજવણી ખરા અર્થમાં સાર્થક થઈ છે.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: January, 2006 to 19th September, 2023**



**484**
**KIDNEY**



**208**
**LIVER**



**49**
**HEART**



**40**
**LUNGS**



**08**
**PANCREAS**



**01**
**INTESTINE**



**379**
**CORNEA**



**04**
**HANDS**

Total 1173 Organs & Tissues donated,
which has given New Life & Vision to 1077 persons
across Country & Globe.